અપીલ અરજી નં.૧૫૭ તા.૨૪–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલ

સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલની તા.૮–૭–૦૯ ની અરજીથી વડોદ ગામના બ્લોક નં.૧૦૯ માં મહાનગરપાલિકાની બીનપરવાનગીથી મકાનો કારખાના બંધાય રહયા છે. તે જાણ્યા પછી પણ અટકાવવામાં કેમ આવતા નથી. ગેરકાયદેસર બાંધકામ થયું હોય તો તેમને દુર કરવામાં કેમ આવતું નથી. કબ્જા રસીદથી મેળવેલ પ્લોટ મહાનગરપાલિકા કાયદેસર ગણે છે? વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૭/૨૦૦૯–૧૦

શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલની તા.૮–૭–૦૯ ની અરજીથી વડોદ ગામના બ્લોક નં.૧૦૯ માં મહાનગરપાલિકાની બીનપરવાનગીથી મકાનો કારખાના બંધાય રહયા છે. તે જાણ્યા પછી પણ અટકાવવામાં કેમ આવતા નથી. ગેરકાયદેસર બાંધકામ થયું હોય તો તેમને દુર કરવામાં કેમ આવતું નથી. કબ્જા રસીદથી મેળવેલ પ્લોટ મહાનગરપાલિકા કાયદેસર ગણે છે? વિ. માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૮ તા.૨–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપૂરતી વિગતો અંગે નમુના 'ક' માં કરેલ મુળ અરજીની નકલ, અરજી ફી ની વિગત અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૮–૭–૦૯ ના પત્રની એક નકલ અત્રે તા.૧૫–૭–૦૯ ના રોજ પત્રના જવાબ બાબતે નકલ મોકલવામાં આવેલ. જે અંગે અત્રેથી અરજદારને નં.આરટીઆઈ સેલ/૪૧૫ તા.૨૦–૭–૦૯ ના રોજ રજૂઆત બાબતે અપીલ કરવા ઈચ્છુક હોય તો આધાર પુરાવા અને વાજબીપણું આધાર સહિત મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતો મોકલવા જણાવેલ. જે અંગે અરજદારે તા.૨૪–૮–૦૯ ના રોજ નમુના 'જ' નું ફોર્મ ભરી મોકલેલ. પરંતુ તેની સાથે મુળ અરજીની નકલ કે ફી ભર્યાની વિગતો પૂરી પાડેલ નથી. ત્યાર બાદ અપીલ તબકકે પુનઃ અરજદારને નં.આરટીઆઈ સેલ/૫૮૮ તા.૨–૯–૦૯ ના રોજ મુળ અરજીની નકલ તથા અરજી ફી ની વિગતો રજૂ કરવા પુનઃ પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદારે અરજીની મુળ અરજીની નકલ કે ફી ભર્યાની વિગતો પૂરી પાડેલ નથ. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પણ અરજદારની મુળ અરજી બાબતે ફી ભર્યાની વિગતો કે માહિતી બાબતે કોઈ વિગતો પૂરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ નિયમ–૩(૧) તથા નિયમ–૫ અન્વયે ઠરાવેલ પ્રકાર રોકડ, પે–ઓર્ડર અથવા નોન જયુડીશીયલ સ્ટેમ્પ પૈકી ફી કાયદાની કલમ–૬(૧) હેઠળ અરજીની ફી વસુલ લીધા હોવાની માહિતી મોકલવામાં આવી નથી તે ધ્યાને લેતાં અરજી ફી વિનાની અરજી ગણવા પાત્ર થાય. અને કલમ–૬(૧) હેઠળની આદેશાત્મક જોગવાઈ ધ્યાને લેતાં વિધિસરની અરજી ગણાય નહી. અરજદારે અપીલ અરજીમાં અનુમાનિત સૂચનો કરવામાં આવેલ છે. જે હાલ તબકકે મુળ અરજી ઠરાવેલ ફી વિનાની હોઈ કાર્યવાહીને પાત્ર રહે નહી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તેમની તા.૮–૭–૦૯ ની અરજી બાબતે આરટીઆઈ એકટની કલમ–૬(૧) અન્વયે ઠરાવેલ ફી સહિત કર્યાનું સ્થાપિત કરી શકેલ ન હોઈ પ્રસ્તુત અપીલનું કારણ ઉત્પન થતું નથી જેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***

***તારીખ : –૯ – ૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી સંગીતાબેન સુરેશભાઈ પટેલ